**Guess Paper Paper – 2009**
**Class – X**
**Subject – Gujarati**

TIME ALLOWED: 3 HOURS MAXIMUM MARKS: 100

.............................................................................................................................................

**વિભાગ – ૧**

(વર્ષ ૨૦૦૯ની પરીક્ષા માટેના આઇ.એમ. પી પ્રશ્નો પણ સીબીએસઇગેસ.કોમ પર મુકવામાં આવેલ છે)

*પ્રશ્ન – ૧ (અ) કોઈપણ <u>પાંચ</u> વાકયોમાં કૌંસમાં માગ્યા પ્રમાણે રૂપાંતર કરી વાકયો ફરીથી લખો :* *૫*

૧. દુ:ખના વાતાવરણમાં કોઇ ભોજન કરશે નહિ.(પ્રશ્નાર્થ બનાવો.)

૨.વરસાદ ન પડે તો અનાજ ન પાકે.(વિધિ વાકય બનાવો)

૩.તું આવી ગયો.(ઉદ્ગાર વાકય બનાવો)

૪.જમતા જમતા કેમ લખાય ?(વિધાન વાકય કરો)

૫.દીકરાએ પરીક્ષામાં ચોરી કર્યાની વાત સમજાતાં માબપના મુખ સિવાઇ ગયાં.(આપેલ રૂઢિપ્રયોગની જગ્યાએ સમાનાર્થી વાકય બનાવો.)

૬.ગાજયા મેહ વરસે નહિં.(વિધિવાકય બનાવો)

૭.O Giridhar Lal, Please keep me as your servant.(ગુજરાતીમાં અનુવાદ કરો)

*(બ)કોઈપણ <u>પાંચ</u> વાકયોમાં કૌંસમાં માગ્યા પ્રમાણે ફેરફાર કરી વાકયો ફરીથી લખો :* *૫*

૧.ઉજાગરાને કારણે પ્રશાંતથી વેહેલું ઉઠાયું નહિ.(કર્તરિ રચના કરો)

૨.નળિયું ખસી ગયુ હતુ.(વચન બદલો)

૩.અર્જુને પક્ષીની આંખ વીંધી.(કર્મણી પ્રયોગ કરો)

૪.આચાર્ય દ્વારા ઈનામો જાહેર કરાયા.(કર્તરિ વાકય લખો.)

૫.વાંદરો ઝાડ પર કૂદાકૂદ કરતો હતો.(વચન બદલો)

૬. તું કાર્યક્રમમાં કેમ ન આવી ?(લિંગ બદલો)

૭. રામે મોહનને પૂછયુ તું મારી સાથે આવીશ (યોગ્ય વિરામચિહ્નો મૂકો)

*(ક)નીચેના વાકયોમાં કૌંસમાં દર્શાવ્યા પ્રમાણે કાળ બદલો(કોઈ પણ પાંચ):* ૫

૧.દિનેશે દરવાજો બંધ કર્યો છે.(સાદો ભવિષ્યકાળ)
૨.પરીક્ષા પૂરી થઈ ગઇ છે.(પૂર્ણ ભવિષ્યકાળ)
૩.તે દાદર પરથી ઊતરતી હતી.(પૂર્ણ વર્તમાનકાળ)
૪.અમે તેની રાહ જોઈ.(ચાલુ ભૂતકાળ)
૫.ભગવાન બુદ્ધે પ્રવચન આપ્યુ.(ચાલુ ભવિષ્યકાળ)
૬.મારો ભાઈ મારી વાત માનશે.(ચાલુ ભૂતકાળ)
૭.છોકરો રમકડું તોડી નાંખશે.(પૂર્ણ ભવિષ્યકાળ)
૮.શાળાની બેલ મોડી વાગશે.(સાદો વર્તમાનકાળ)

*(ડ)નીચેનામાંથી કોઈ પણ પાંચ વાકયો સુધારો :* ૫

૧.જનક એક કાને મુંગો છે.
૨.તમારો એકેય વાતમાં દમ નથી.
૩.બોર્ડની પરીક્ષામાં એંસી ટકાને જરૂર અક્ષય આવશે.
૪.અનાથ બાળકની ઉછેર કરો અને પૂન્ય કમાઓ.
૫.તમારો ગાડી કેટલા વાગ્યાનો છે ?
૬.કેવો છોકરી ને કેવી છોકરો એ તો એના ઘરે જઇએ ત્યારે ખબર પડે.
૭.તમે કયાં કામ કરી છો ?

*પ્રશ્ન – ૨(અ)મુદાઓને આધારે નીચેના વિષય પર આશરે ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં પરિચ્છેદ લખો.* ૭

*સત્ય એ જ પરમેશ્વર છે.*

પ્રસ્તાવના – જૂઠુ કેમ બોલાય છે ? – સત્ય બોલવાના ફાયદા – ઉપસંહાર

*અથવા*

*નીચેના મુદ્દાના આધારે વાર્તા લખી વાર્તાને યોગ્ય શીર્ષક આપો.*
વૃદ્ધ માણસ – મિલકત ત્રણ દીકરાઓ વચ્ચે વહેંચવી – કીમતી રત્નની વહેંચણી ન કરવી – દીકરાઓ સાથે ચર્ચા – નકકી કરવુ :"વધુ અગત્યના કાર્ય કરનારને રત્ન આપવું – પહેલો યાત્રા કરે છે – બીજો દાન કરે છે – ત્રીજો દુશ્મનના પુત્રનો જીવ બચાવે છે – પરીણામ – શીખ

*(બ)તમારી શાળામાં એક ટેલેન્ટ નાઈટનું આયોજન કરવામાં આવ્યુ હતું તેનું વર્ણન કરતો પત્ર તમારા પિતાજીને લખો.* ૮

*અથવા*

*તમારા ઘરમાં થયેલ ચોરી વિશે તપાસ કરવા પોલીસ અધિકારીને ફરિયાદ પત્ર લખો.*

*પ્રશ્ન૩ – (અ)નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. :* ૮

માણસને સુધરવુ હોય તો સારા વિચારની જરૂર છે. પણ સારા વિચાર ભેગા કરવા કરતાં સારી ચીજો ભેગી કરવાનું મન હાલના માણસોને થાય છે. તેથી માયાની અસર લાગે છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધો આગળ વધી રહી છે તેટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતાં નથી. હાલના કાળના ધર્મની ભાવના ઓછી થયેલી છે. તેથી લક્ષ્ય વગર સાધનને ફળ માની બેસે છે. સ્વરાજ સાધન છે અને બ્રહ્મજ્ઞાન ફળ છે. તેને બદલે સ્વરાજને ફળ માનવામાં આવે છે અને સાધનમાં મૂડીવાદ અને મજૂરીવાદ માનવામાં આવે છે. જો લોકો સત્ય અને અસત્યનો વિચાર ન કરી શકે તો એ એક જાતનું દેશનું કમભાગ્ય છે.

પ્રશ્નો :

*૧. હાલના માણસને શેનું મન થાય છે ?*

*૨. માણસ લક્ષ્ય વગર સાધનને ફળ કયારે માની બેસે છે ?*

*૩. માણસ સ્વરાજ અને બ્રહ્મજ્ઞાન વિશે શું સમજે છે ?*

*૪. દેશનું કમભાગ્ય કયારે કહેવાય ?*

*(બ)નીચેના પરિચ્છેદનો આશરે ૧/૩ વાકયોમાં સંક્ષેપ કરો :* ૭

લોકસાહિત્ય કયાં રહે છે એ પ્રશ્ન હવે પૂછવાની જરૂર નથી. જયાં જયાં સાચું લોક હૃદય હજી પણ ધબકે છે ત્યાં ત્યાં લોક સાહિત્ય અમર અક્ષરે લોકસ્મૃતિમાં લખાયેલું જ પડયું છે.....લોક વાર્તાઓ તો ભાટ – ચારણની જીભ ઉપર છે કે માતાની હૂફાળી સોડમાં છે, કે ગોઠીયાઓની છાની છાની વાતોમાં છે. લોકસાહિત્ય તો રહે છે કોસ હાંકતા ખેડૂત પાસે, ભાતદેતી ભથવારી પાસે, કાં તો એ રહે છે કોઇ છાણાં વીણવા જતી જૂની પુરાણી ડોશી પાસે...ભાટ – ચારણ અને જૂના જોગી – જતીઓ લોકસાહિત્યનું માહેરઘર છે. ચોરેને ચોવટે લોકસાહિત્યની લાણી થાય છે. શેરીએ શેરીએ નાના બાળકો લોકસાહિત્ય વિનામૂલ્યે ફેલાવે છે.

## વિભાગ – ૨

*પ્રશ્ન – ૪(અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. :* ૫

મારા જીવનનું એક મોટુ સદ્‌ભાગ્ય છે કે હું ભાતભાતના દરિયાકિનારે ચાલ્યો છું. વેરાવળના દરિયા કરતા મુંબઈનો દરિયો જુદો. સાનફ્રાન્સિસ્કોનો દરિયો ધુમ્મસમાં વહેતા વિસ્તાર જેવો લાગે છે. કેરળના ત્રિવેન્દ્રમનો દરિયો એટલો ઘેરો વાદળી લાગે છે કે ખીસ્સામાંથી ફાઉન્ટન પેન કાઢી તે ભરી લેવાનું મન થાય. બ્રાઝિલના રીઓ – દ – જાનેરોનો દરિયો એવો ભુરો લાગે કે એમ થાય કે આની કરોડો લખોટીઓ બનાવી દુનિયાભરના બાળકોને વહેંચી દઈએ. હમણાં મોરિશિયસ ગયો ત્યારે ત્યાંનો ત્રુ – ઓ – બ્રીશનો દરિયો એટલો લીલો લાગ્યો કે બૂટ ઉતારી ત્યારે લોન પર ચાલવાનું મન થાય. મોરિશિયસનો દરિયો જોયો ત્યારે દારેસલામના દરિયા જેવું લાગે. પરદેશમાં હિંદી મહાસાગરને મળીએ ત્યારે હાથ ઝબોળવાનું મન થાય. ઠેઠ મોરિશિયસમાં હિંદી મહાસાગરના મર્મર ચોપાટીના દરિયાનું સંગીત સંભળાય અને આંખ સમક્ષ ચોપાટીનો માનવ મેળો ઊભરાય.

પ્રશ્નો :

૧. આ ગદ્યખંડમાં કુલ કેટલા દરિયાની વાત કરવામાં આવી છે ?

૨. લેખક પોતાને કઈ બાબત માટે નશીબદાર ગણાવે છે ?

૩. બ્રાઝિલના રીઓ – દ – જાનેરોનો દરિયોને જોઈને લેખકને કેવી લાગણી થાય છે ?

૪. મોરિશિયસનો દરિયો કયા દરિયા જેવો લાગે છે ?

૫. "માનવ મેળો " એટલે શું ?

*(બ)નીચેમાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના બે – ત્રણ વાકયોમાં જવાબ લખો.* ૬

૧."બેવટો" શબ્દ શેના માટે વપરાય છે ?

૨. નાનાભાઈએ ગૃહપતિને શા માટે ઠપકો આપ્યો ?

૩. રમણને હાથપગ ધોવા માટે કયો નવો તુકકો સૂઝયો ? તેનું શું પરિણામ આવ્યું ?

૪. ભેટ સોગાદો સ્વીકારવા ગાંધીજીનું મન કેમ માનતુ ન હતુ ?

૫. ઘરનાં પગથિયા ઊતરતાં જ બાળક કેવા કેવા અનુભવો કરશે ?

*પ્રશ્ન ૫(અ)કોઈપણ બે પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.* ૮

૧.શાકયો અને કાલિયો વચ્ચેના ઝગડાનું સમાધાન ભગવાન બુદ્ધે કેવી રીતે કર્યુ ?

૨."જાહેર સેવકને અંગત ભેટો ન હોય" વિધાન સમજાવો.

૩. લેખકને સાબર એ મહાનદી શા માટે લાગે છે ?

૪.લેખકના મતે માણસને કયાં કયાંથી જીવનસંજીવની મળતી હોય છે ?

*(બ)નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.* ૬

૧."બાળકોને જેમ ચડાવો તેમ ચડે." આ ઉકિત કોણ બોલે છે ?
૨."રોહિણીના તીરે " કૃતિના લેખક જણાવો.
૩. "દક્ષા" કઇ કૃતિનું પાત્ર છે ?
૪. કુન્દનિકા કાપડિયાનુ ઉપનામ જણાવો.
૫. "આંગળી ઝાલીને એને દોરજે !" કૃતિનો પ્રકાર જણાવો.
૬. "શંભુભાઈ" કયા પાઠનું પાત્ર છે ?

*પ્રશ્ન ૬(અ)નીચેની કાવ્યપંકિતઓ વાંચી નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.* ૪

*મોખરે ધપે હસી હસી જુવાન ડોસલો !*

*સર્વ સાથ – કોઈ ના – બધું સમાન : એકલો !*

*રાષ્ટ્રદેવ ! રાષ્ટ્રપ્રાણની પીછે સૌ ધસ્યા !*

*એક એ અનંતમાંથી સિંધુ સાત ઊમટયા !*

૧.સૌથી આગળ કોણ અને કેવી રીતે ચાલે છે ?
૨. "સર્વ સાથ – કોઇ ના – બધું સમાન : એકલો"નો અર્થ શું થાય ?
૩. ગાંધીજીની યાત્રામાં લોકો કઇ રીતે ઉમટી પડે છે ?
૪.ઉપરની પંકિતઓમાં ગાંધીજી માટે કેટલા અને કયા કયા શબ્દો વપરાયા છે ?

*(બ)કોઈપણ ત્રણ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.* ૧૨

૧. 'સાંયકાળે' કાવ્યના આધારે સંધ્યા સમયનું વર્ણન તમારા શબ્દોમાં લખો.
૨. 'છેલ્લુ દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઇ રીતે અંજલી આપે છે ?
૩. ગોપીના કૃષ્ણ પ્રેમનું વર્ણન કરો.
૪. અગ્નિ અને ધૂમાડાના ઉદાહરણ દ્વારા કવિ અખો શું સૂચવે છે ?
૫.શ્રીકૃષ્ણનું સતત દર્શન થતું રહે તે માટે મીરાંબાઈ શું ઇચ્છે છે ?

*પ્રશ્ન ૭(અ)નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં લખો.* ૫

૧.જોગી, સન્યાસી અને સાધુ કેમ આવ્યા ?
૨.આથમતા સૂરજ માટે કવિ શી કલ્પના કરે છે ?
૩.કવિએ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરી છે ?
૪. "છેલ્લુ દર્શન" કાવ્યમાં કવિએ મૃત્યુની ઘટનાનું કેવી ઘટના તરીકે નિરૂપણ કર્યુ છે ?
૫.પલને શેની શેની અસર થતી નથી ?

*(બ)કોઈપણ બે પ્રશ્નોના બે ત્રણ વાકયમાં જવાબ આપો.* ૪

૧.વૃંદાવન અને કુરૂક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?
૨.કવિ ફૂલ બનીને ફળતા જવાનું કેમ ઇચ્છે છે ?
૩.શ્રીકૃષ્ણનું દર્શન કરવા માટે કયા કયા માર્ગ મીરાંબાઈએ દર્શાવ્યા છે ?
૪. અખો કોને ગુરુ કરવાનું કહે છે ? શા માટે ?



Didar Hemani
Email :deedardilwala@yahoo.com
Ph. 9975112970